મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૫૮ ટકા
ગાંધીનગર તાપમાન

મહેશ-નરેશ અમર થઈ ગયા : પ્રધાનમંત્રી

કોરોના સમયે પ્રધાનમંત્રી પડખે આવીને ઉભા, પરિવારને હિંમત મળી : હિતુ કનોડીયા

ગાંધીનગર, તા.૩૦

પ્રધાનમંત્રીજીના આગમનથી કનોડીયા પરિવારને હિંમત મળી છે. બે વડીલોને એક સાથે ગુમાવ્યા છે ત્યારે પ્રધાનમંત્રીજીએ ત્રણ દાયકા જૂની વાતો યાદ કરી હતી તેમ જણાવતા હિતુભાઈ કનોડીયા ઉમેરે છે કે, આ તબક્કે પ્રધાનમંત્રીએ કનોડીયા પરિવારના બે ભાઈઓ અમર થઈ ગયા હોવાની લાગણી વ્યકત કરી હતી. હિતુભાઈ કનોડીયાએ જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન કઠીન સમયમાં પડખે આવીને ઉભા રહેતા પરિવારે દુઃખ સાથે ગૌરવની લાગણી પણ અનુભવી હતી.

આજે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી સ્વર્ગસ્થ મહેશ કનોડીયા અને નરેશ કનોડીયાના સેકટર-૮ સ્થિત નિવાસસ્થાને આવી પહોંચ્યા હતાં. આ દુઃખદ પ્રસંગે નરેન્દ્ર મોદીજીના આગમનથી કનોડીયા પરીવારમાં દુઃખ સાથે ગર્વની લાગણી અનુભવાઈ હતી. સ્વ. નરેશભાઈ કનોડીયાના પુત્ર હિતુભાઈ કનોડીયાના જણાવ્યા અનુસાર કોરોના કાળમાં જયારે દેશના પ્રધાનમંત્રી તેમના તમામ કાર્યો વર્ચ્યુઅલી જ કરી રહ્યા હતા ત્યારે અમારા ઘરે તેમનું આગમન એ કનોડીયા પરિવાર અને મારા મોટા બાપા અને મારા પિતાજી માટે ગર્વની વાત છે.

આ જે પરિસ્થિતિ સંભવી છે એ કોઈના પણ જીવનની કઠીન ઘડી છે અને કનોડીયા પરિવારના તો બે વડીલો એક સાથે ગયા છે અને તેમાંય દેશના વડાપ્રધાન ઘરે આવીને સાંત્વના આપે અને ઘરના વડીલોને કહે કે આ બે ભાઈઓની અદભૂત જોડી હતી અને બંને ભાઈઓ એક સાથે અમર થઈ ગયા ત્યારે કનોડીયા પરિવારને દુઃખ સાથે ગર્વની લાગણી પણ થાય છે. અમારા પરિવારના સર્વેને આજે નરેન્દ્ર મોદીજીના આગમનથી હિંમત મળી છે. નરેન્દ્ર મોદીજીએ નરેશભાઈ અને મહેશભાઈ સાથેના ૩૦ વર્ષ જુના સંબંધો અને એક સાથે કરેલા સેવા કાર્યોને પણ યાદ કર્યા હતા ત્યારે વડાપ્રધાન થયા બાદ પણ આટલી જૂની વાતોને યાદ રાખવી અને રજૂ કરવી તે માટે પણ કનોડીયા પરિવાર બિરદાવે છે.

હિતુભાઈ જણાવે છે કે, તેમના પિતા અને મોટા બાપાના ફોટાની આગળ તેમણે તારીખ નથી લખાવી કારણકે જેમ રામ-લક્ષ્મણ કયારે ધરતી પરથી ગયા તેનો ઉલ્લેખ કોઈ ગ્રંથમાં નથી તેમજ મહેશ-નરેશની જોડીના જન્મ મરણનો ઉલ્લેખ પણ નથી કર્યો અને તેઓ પણ એક સાથે જ ગયા અને અમર થઈ ગયા.

નરેન્દ્ર મોદીજી આવ્યા ત્યારે નરેશ કનોડીયાના પત્નિ ઉમાબેને તેમને કહ્યું કે બહુ મોડા આવ્યા ત્યારે મોદીજીએ કહ્યું કે સીએમ હોત તો જલ્દી આવી જાત પીએમ છું ને એટલે દિલ્હી છું. દિલ્હીથી આવતા થોડીવાર થાય ને...!! બે ભાઈઓએ બનાવેલું ગીત સાથે જીવીશું સાથે મરશું તેને તેમણે સાર્થક કરીને બતાવ્યું છે.

વેલકમ! મોદીજી

હિતુભાઈ કનોડીયાના ૫ વર્ષના પુત્ર અને નરેશભાઈ કનોડીયાના પૌત્ર રાજવીરે નરેન્દ્ર મોદીજી આવ્યા ત્યારે કહ્યું આઈ એમ હેપી યુ કમ એન્ડ આઈ એમ પ્રાઉડ ઓફ યુ! ત્યારે નરેન્દ્ર મોદીજીએ બાળકને નામ પૂછયું અને પછી તેને હાથ લગાડીને કાન ખેંચી વ્હાલ કર્યો. આજે જયારે વડાપ્રધાન કોરોના સમયમાં આવ્યા અને બાળકને હાથ લગાડીને વ્હાલ કર્યું તે વાત પરિવારની ભાવના જગાવે છે અને કનોડીયા ભાઈ માટે તેમની લાગણી બતાવે છે.

આવતીકાલે ગાંધીનગરમાં ઘૂંટણ-થાપા રિપ્લેસમેન્ટ માટે સલાહ તથા દુઃખાવાનો નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૩૦

ઝાયડસ હોસ્પિટલ દ્વારા તા. ૧-૧૧-૨૦ રવિવારે સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી તેજસ સર્જીકલ હોસ્પિટલ પથિકાશ્રમ બસ સ્ટેન્ડ સામે સેકટર-૭-સી, ગાંધીનગર ખાતે ઘૂંટણ, થાપાના રિપ્લેસમેન્ટ માટે સલાહ, ઘૂંટણ, ખભાનો દુઃખાવો, સાંધા જકડાઈ જવા, અવાજ આવવો, ચાલવા, રોજિંદી ક્રિયામાં તકલીફ વગેરેના દર્દીઓ માટે નિદાન કેમ્પ જેમાં ડો. દરિયાસિંહ (સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન) દ્વારા નિદાન માટે નામ નોંધાવવા માટે ૮૭૫૮૧૮૮૩૮૭નો સંપર્ક કરવા જણાવાયું છે.

ગાંધીનગરમાં ઠેર ઠેર રોડના સમારકામનું કાર્ય ચાલી રહ્યું છે ત્યારે ગાંધીનગર તાલુકાના શેરથા ગામથી ટીંટોડા ગામ તરફ જતો ડામરનો રોડ તુટી ગયો છે. હજી એક વર્ષ પહેલા જ રોડનું સમારકામ થયું હતું તેવું ગ્રામજનોનું કહેવું છે અને અહીં રોડનું જલ્દીથી રીપેરીંગ થાય તેવી ગ્રામજનોની માંગ છે.

ચોરીના મોબાઈલ વેચવા ફરતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

ચોરી અથવા છળ કપટથી મેળવેલા મોબાઈલ વેચવા માટે ફરતા બે શખ્સોને કલોલ ટાવર પાસેથી એલસીબી પોલીસે દબોચી લીધા છે. પોલીસે શખ્સોને ચેક કરતા તેમની પાસેથી રૂ.૧૦ હજારના ચાર મોબાઈલ કબ્જે કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ અને ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે કલોલ ટાવર ચોક પાસે બે માણસો મોબાઈલ વેચવા માટે ફરી રહ્યા છે. જેથી બાતમીવાળી જગ્યાએથી પોલીસે કનુજી રણજીતજી ઠાકોર (રહે.હાલ કલોલ શહેર, રામબાગ-૩, રેલ્વે પાછળ કલોલ પૂર્વ, મુળ રહે. બદરખા, તા. ભાટ જી.અમદાવાદ) તેમજ સની ઉર્ફે લાલો રામાજી ઠાકોર (હાલ રહે. કલોલ રેલ્વે પાછળ લવલી ચોક તા.કલોલ જી.ગાંધીનગર, મળુ રહે ધારીસણા તા.દહેગામ જી.ગાંધીનગર) ને પકડી પાડ્યા હતા. પોલીસે બંન્ને વ્યકિતની અંગજડતી કરતા તેમની પાસેથી વિવિધ કંપનીના ૪ મોબાઈલ મળી આવ્યા હતા. પોલીસે મોબાઈલના આધાર પુરાવા માંગતા તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. જેથી આ મોબાઈલ આ શખ્સોએ ચોરી અથવા છળકપટથી મેળવેલા લાગે છે. જેથી પોલીસે રૂ.૧૦ હજારના ૪ મોબાઈલ કબ્જે કરી બંને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હેલીકોપ્ટરની ઘરઘરાટીથી ગાંધીનગર ગાજી ઉઠયું

ખૂબ જ લાંબા સમયગાળા બાદ ગાંધીનગરમાં ધમધમાટ જોવા મળ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ દરમિયાન ગાંધીનગરની અચાનક મુલાકાત યોજાતા તેઓના સુરક્ષા બંદોબસ્ત માટે શહેરમાં પોલીસ કાફલો ગોઠવાયો હતો. તેઓ હેલીકોપ્ટરમાં ગાંધીનગર પહોંચ્યા હોવાથી એક કલાક માટે તો આખું શહેર જાણે હેલીકોપ્ટરના અવાજથી ગુંજી ઉઠયું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરવાના છે. જે પૈકી સી-પ્લેન મુખ્ય છે. જો કે તેઓના ગુજરાત પ્રવાસ દરમિયાન છેલ્લી ઘડીને ગાંધીનગરનું નામ ઉમેરાયું હતું. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનું અવસાન થતાં તેઓ તેમના પરિવારજનોને સાંત્વના પાઠવવા એરપોર્ટથી સીધા જ ગાંધીનગર આવવા નીકળ્યા હતા તેઓ એરપોર્ટથી હેલીકોપ્ટર દ્વારા ગાંધીનગર પહોંચ્યા હતા. જેના કારણે શહેરના આકાશમાં સવારના સમયે હેલીકોપ્ટરનો ધમધમાટ જોવા મળ્યો હતો. વસાહતીઓ થોડીકવાર માટે તો રોમાંચિત થઈ ગયા હતા. કેશુબાપાને શ્રધ્ધાંજલિ આપ્યા બાદ તે જાણીતા અભિનેતા મહેશ-નરેશ કનોડિયાને શ્રધ્ધાંજલિ આપવા તેઓના સેકટર-૮ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા. તેઓની આ બે મુલાકાતોને પગલે શહેરમાં પોલીસ કાફલો ખડકાઈ ગયો હતો. ગાંધીનગર અમદાવાદના માર્ગ પર પણ ભારે પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો.

સેકટરોના આંતરિક રૂટ પર સીટી બસ દોડાવવાની મંજૂરી જ નથી તો પીકઅપ સ્ટેન્ડની શું જરૂર?

મનપાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ તંત્ર દ્વારા જીપીએમસી એકટની કલમનું ખોટું અર્થઘટન કરી કાયદાનો દુરૂપયોગ કરવાના પ્રયાસનો આક્ષેપ : જો તંત્ર કાયદા વિરૂધ્ધ કામ શરૂ કરશે તો કાયદાકીય પગલાં ભરવાની ચેતવણી ઉચ્ચારી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં સીટીબસ સેવા શરૂ કરવામાં આવી ત્યારથી ટેન્ડરમાં એજન્સીને કુલ ૨૦ રૂટની મંજૂરી આપવાની જોગવાઈ કરી હોવા છતાં હજુ સુધી માત્ર ૧૦ રૂટ જ ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ સંજોગોમાં જે રૂટ પર ખાસ કરીને શહેરના આંતરિક માર્ગો પરના રૂટને પરમિશન આપવામાં જ આવી નથી તો તેવા વિસ્તારમાં પીકઅપ બસ સ્ટેન્ડની જરૂરિયાત કેમ હોય તેવો પ્રશ્ન ઉઠાવવા સાથે મહાનગરપાલિકાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ મેયરના વટહુકમ સામે કાયદાકીય સવાલો ખડાં કર્યા છે. આ સાથે તેમણે મેયર દ્વારા જીપીએમસી એકટની કલમ-૬૭ (૩-કક) (૩-એએ)નું ખોટું અર્થઘટન કરી કાયદા વિરૂધ્ધ તંત્રએ કાર્યવાહી હાથ ધરી હોવાનું જણાવતાં જો તંત્ર કાયદાની છટકબારી શોધી પીકઅપ સ્ટેન્ડનું કામ હાથ ધરશે તો કાયદાકીય પગલાં ભરવાની ફરજ પડશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

મનપાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે મેયર દ્વારા જીપીએમસી એકટની કલમનું ખોટું અર્થઘટન કરી તેને ઢાલ બનાવીને પીક સ્ટેન્ડ બનાવવા આદેશ આપવામાં આવ્યો છે તે તદ્દન કાયદા વિરૂધ્ધ અને ગેરબંધારણીય છે. સૂચિત કાર્યની જોગવાઈ પણ જેમાં કરવામાં આવી નથી તેમજ સ્થાયી સમિતિએ પણ આ ટેન્ડર રદ કરવાનો ઠરાવ કર્યો છે ત્યારે મેયર કે મ્યુ. કમિશનર આ કાર્ય કાયદામાં છટકબારી શોધી કાયદાનો દુરૂપયોગ કરીને પાર પાડવા માંગે છે તે પાછળ ભ્રષ્ટાચાર કરવાની છબી ઉપસી આવે છે. આમ પણ જયાં સેકટરોના આંતરિક રૂટ પર સીટી બસો દોડાવવાની મંજૂરી અપાય તે કાર્યરત થાય ત્યારબાદ કાયદાકીય પ્રક્રિયા મુજબ પીઅકપ સ્ટેન્ડ બનાવવા સેવાનો લાભ આપ્યા વગર પીકઅપ સ્ટેન્ડ બનાવવાનો કારસો રચવામાં આવ્યો છે જે તદ્દન ગેરબંધારણીય છે અને તો પ્રજાના ટેક્ષના નાણાંનો દુરૂપયોગ કરવાની મનશા છતી કરે છે પહેલા આવા રૂટ પર સીટી બસો દોડાવવાની મંજૂરી અપાય તે કાર્યરત થાય ત્યારબાદ કાયદાકીય પ્રક્રિયા મુજબ પીઅકપ સ્ટેન્ડ બનાવવા સ્થાયી સમિતિ અથવા સામાન્યસભામાં મંજુર થયા બાદ કાર્યવાહી હાથ ધરાય તે ઈચ્છનીય છે. આમ છતાં જો મેયર અને મ્યુ. કમિશનરની મીલીભગતથી તંત્ર દ્વારા કાયદાનો દુરૂપયોગ કરી કામ શરૂ કરવામાં આવશે તો અમે તંત્ર વિરૂધ્ધ કાયદાકીય પગલાં ભરીશું તેવી વિપક્ષ નેતાએ ચિમકી ઉચ્ચારી છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. હિરાબેન જુહાજી ઠાકોર, ઉ.વ. ૫૮, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. નિતિનભાઈ નટવરલાલ શાહ, ઉ.વ. ૭૨, વરસોડા, તા. માણસા
- સ્વ. પ્રજાપતિ હિરાબેન છનાલાલ, ઉ.વ. ૭૬, વાસણા હડમતીયા, તા. ગાંધીનગર
- સ્વ. મનુભાઈ માધવલાલ પટેલ, ઉ.વ. ૪૫, ઈટાદરા, તા. માણસા
- સ્વ. હરીલાલ નવલશંકર ઉપાધ્યાય, ઉ.વ. ૭૬, સેકટર-૭, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. ચાવડા લલીતાબેન રમણીકલાલ, ઉ.વ. ૭૦, અડાલજ, તા. ગાંધીનગર

હાવર્ડ યુનિવર્સિટીની 'પેન્ડેમિક પોલીસી' સ્પર્ધામાં ગાંધીનગરની દિકરી ઝળકી

ગાંધીનગરની ભાર્વી દાણીએ તેના બે સહઅધ્યાયીઓ સાથે મળીને 'ટીમ નાલંદા' બનાવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવ્યું : વિશ્વભરમાંથી ૧૬૯ ટીમો થકી એક હજારથી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો : ટીમ નાલંદાએ ટેકનોલોજી વિષયમાં 'ડિજીટલ પ્રાઈવસી' અંગે પોલીસી રજૂ કરી હતી

ગાંધીનગર, તા.૩૦

આજે ભારતની યુવા પેઢીની સમગ્ર વિશ્વમાં બોલબાલા છે અને યુવા દિકરીઓ તેમની પ્રતિભા થકી આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી રહી છે. આવી જ એક ગાંધીનગરની દિકરી ભાર્વી દાણીએ પોતાની પૂણે ખાતેની કોલેજના અન્ય બે મિત્રો સાથે મળીને હાવર્ડ યુનિવર્સિટીની ૪૮ કલાકની એક ઓપન ઈવેન્ટમાં ભાગ લઈને સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવ્યું છે. આ ઓનલાઈન ઈવેન્ટમાં વિશ્વભરમાંથી ૧૬૯ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ટીમ નાલંદાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન સાથે ત્રીજું સ્થાન મેળવી સૌને ચોંકાવી દીધા છે.

વૈશ્વિક સ્તરે સુવિખ્યાત હાવર્ડ યુનિવર્સિટી સંલગ્ન સંસ્થા 'પોલીસી ફોર ધ પીપલ' દ્વારા ગત તા. ૨૩મી થી ૨૫મી ઓકટોબર દરમિયાન 'પેન્ડેમિક પોલીસીથોન' નામની ઓનલાઈન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિવિધ વિષયે નીતિ ઘડતરનું કાર્ય કરવાનું હતું. આ સ્પર્ધામાં વિશ્વભરમાંથી કુલ ૧૬૯ ટીમોએ થકી એક હજારથી પણ વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. દરેક ટીમને જાહેર આરોગ્ય, આર્થિક સમાનતા, વોટીંગ, ટેકનોલોજી જેવા વિવિધ વિષયો પૈકી આયોજકો દ્વારા એક વિષય ફાળવવામાં આવ્યો હતો. જેના પર ત્રણ દિવસ દરમિયાન યોજાનારા વેબિનાર્સના આધારે એક સંકલિત નીતિ ઘડીને રજૂ કરવાની હતી. આ સ્પર્ધા ભારતીય સમય મુજબ તા. ૨૩મી ઓકટોબરે રાત્રે ૨.૩૦ વાગે શરૂ થઈ હતી અને તા. ૨૫મી ઓકટોબરે રાત્રે ૩.૩૦ કલાકે પુરી થઈ હતી. આ દરમિયાન દરરોજ યુએસ સમય મુજબ ૫ થી ૮ વાગ્યા દરમિયાન વેબીનાર્સ યોજાતા હતા. આ સ્પર્ધામાં પૂણે ખાતે સીમબાયોસીઝ સ્કૂલ ઓફ ઈકોનોમિકસ કોલેજમાં અભ્યાસ કરતી ગાંધીનગરની ભાર્વી દાણી તથા તેની કોલેજના અન્ય બે સહઅધ્યાયીઓ ગીરીશ શર્મા અને ગઠ્ઠમુંગું વેંકટ અન્વિતાએ મળીને ૩ જણની ટીમ બનાવી ભાગ લીધો હતો. તેમણે ટીમનું નામ ભારતની પ્રાચીન યુગની શૈક્ષણિક ધરોહર નાલંદા વિશ્વ વિદ્યાલય પરથી 'ટીમ નાલંદા' રાખ્યું હતું. સ્પર્ધામાં યુએસ ટાઈમ મુજબ તા. ૨૫મીએ રાત્રે ૧૦.૩૦ કલાકે પહેલા ટીમને ફાળવેલ વિષય આધારિત પોલીસી બનાવી તેને અપલોડ કરી દેવાની હતી. ટીમ નાલંદાએ ૧૦ વાગે તેમની ફાઈનલ પોલીસી અપલોડ કરી દીધી હતી. આ સ્પર્ધાનું પરિણામ તા. ૨૯મી ઓકટોબરે જાહેર થયું. જેમાં ટીમ નાલંદાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પ્રથમ સ્થાને યુએસની એક ટીમ અને દ્વિતિય સ્થાને કેનેડાની એક ટીમ વિજેતા બની હતી. હાવર્ડ યુનિવર્સિટી દ્વારા દરેક ટીમમાં વધુમાં વધુ ૪ સ્પર્ધક સામેલ કરી શકાતા હતા પરંતુ 'ટીમ નાલંદા'એ માત્ર ૩ જ સભ્યો થકી આ સિધ્ધિ હાંસલ કરી હતી. જેમાં ગાંધીનગરની દિકરી ભાર્વી દાણીએ સામેલ થઈને ગાંધીનગર સહિત પોતાના પરિવારનું પણ ગૌરવ વધાર્યું છે. ભાર્વી કુડાસણના રાધે રેસીડેન્સી ખાતે વસવાટ કરતા જીજ્ઞેશ દાણી અને તેજલ દાણીના સુપુત્રી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાર્વી દાણીની ટીમ નાલંદાએ સ્પર્ધામાં તેમને ફાળવવામાં આવેલ ટેકનોલોજી વિષયમાં 'ડિજીટલ પ્રાઈવસી' સંદર્ભે પોલીસી તૈયાર કરી હતી જેને કુલ ૩૫ માર્કસ પૈકી ૩૦ માર્કસ પ્રાપ્ત થયા હતા.

ભાર્વી દાણી | ગઠ્ઠમુંગું વેંકટ અન્વિતા | ગીરીશ શર્મા

ભાર્વી દાણી કોલેજ કલબની હેડ છે

ગાંધીનગરની ભાર્વી દાણી પૂણે ખાતાની સીમબાયોસીઝ સ્કૂલ ઓફ ઈકોનોમીકસમાં અભ્યાસ કરે છે જયાં કોલેજ દ્વારા 'અર્થનીતિ' નામની સ્ટુડન્ટ કલબ ચલાવાય છે. જેમાં સામેલ વિદ્યાર્થીઓએ અર્થશાસ્ત્ર આધારિત અને કોલેજની ગતિવિધી આધારિત લેખો લખી તેના બ્લોગમાં પ્રકાશિત કરવાના હોય છે. અને આ વર્ષે ભાર્વી દાણી 'અર્થનીતિ' કલબની ચુંટણી જીતીને કલબ હેડ બની ચુકી છે. આ ઉપરાંત તે પોતે પોતાના બ્લોગ્સ પણ લખી રહી છે.

ડિજીટલ પ્રાઈવસીને ડિજીટલ લીટરસી સાથે જોડી પોલીસી બનાવી

હાવર્ડ યુનિવર્સિટીની સ્પર્ધામાં ટીમ નાલંદાને ફાળવેલા ટેકનોલોજી વિષયમાં તેમણે ભારતમાં ડિજીટલ પ્રાઈવસીની જરૂરિયાત ખુબ જ અગત્યની હોવાનું અને ડિજીટલ લીટરસી વગર તે શકય નથી તે તારણને આધારે પોલીસી બનાવી હતી. ડિજીટલ લીટરસી વધારવા તેમણે શાળાકીય કક્ષાએથી મોડયુલ બનાવવું, દરેક વપરાશમાં ડેટાની સુરક્ષા કેટલી છે?, મોટી મોટી કંપનીઓ દ્વારા બલ્ક ઈમેલ, માર્કેટીગમાં ડેટાની સુરક્ષા બાબતે સરકારે પગલાં લેવાની જરૂર, ફ્રી વાઈ-ફાઈમાં યુઝર્સના ડેટાની સિકયુરીટી, કોઈ પણ ડાઉનલોડ દરમિયાન 'ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ' યુઝર વાંચીને સમજી શકે તેટલી સરળ ભાષામાં વનલાઈનર્સ સાથેની હોય તેમજ સરકાર 'સ્વયંમ્' પ્રોજેકટને ડિજીટલ લીટરસી વધારવાની જવાબદારી સોંપી ડિજીટલ પ્રાઈવસી અંગે દરેક છેવાડાના જરૂરિયાતમંદોને પણ સમજણ પડે તે માટે પ્રયાસો કરે તેવા સૂચનો ટીમ નાલંદાએ તેમની પોલીસીમાં રજૂ કર્યા છે.